પ્રતિ,
ઉપસચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, નવમો માળ, સચિવાલય,
ગાંધીનગર.

નં. ટીપીડી/
તા. / /૨૦૦૬.

**વિષયઃ** નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ–કતારગામ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.
**સંદર્ભઃ** આપની કચેરીનો હુકમ ક્રમાંક : નરય/૧૪૦૬/૧૫૦૩/લ, તા.૦૪/૦૪/૨૦૦૬.
**અનુ. :** (૧) અત્રેની કચેરીનો પત્રક્રમાંક : ટીપીડી/૮૧૦૨, તા.૧૦/૦૨/૨૦૦૫.
(૨) અત્રેની કચેરીનો પત્રક્રમાંક : ટીપીડી/૭૩૯૩, તા.૦૪/૦૩/૨૦૦૬.

મહોદય,

ઉપરોકત વિષય અંગે સંદર્ભ તથા અનુસંધાન અન્વયે સવિનય જણાવવાનું કે નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ–કતારગામ) નો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ અધિનિયમ, ૧૯૯૯ કાયદાની કલમ–૪૨ (૧) ની જોગવાઈઓને આધિન, ઈરાદો જાહેર કર્યાના નવ માસમાં એટલે કે તા.૧૭/૦૩/૨૦૦૬ પહેલાં પ્રસિધ્ધ કરવાનો થતો હતો પરંતુ, સદરહુ સમયગાળા દરમ્યાન આવેલ મહાનગરપાલિકાની ચુંટણી, જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળની કામગીરી તેમજ મહાનગરપાલિકાની હદ વધારા અંગેની કામગીરી જેવા વહીવટી કારણોસર ઉકત નગર રચના યોજનાનો મુસદ્દો નિયત સમયમર્યાદામાં પ્રસિધ્ધ કરી શકાય તેમ ન હોવાથી, સદરહુ નગર રચના યોજના સુરત નં. ૫૦ (વેડ–કતારગામ) નો મુસદ્દો તૈયાર કરવાની મુદત તા.૧૮/૦૩/૨૦૦૬ થી વધુ ત્રણ માસ સુધી વધારી આપવા અંગે અનુસંધાન હેઠળના અત્રેના પત્રોથી વિદિત થઈ, આપના સંદર્ભ હેઠળના કચેરી હુકમથી તા.૧૭/૦૬/૨૦૦૬ સુધીમાં મુસદ્દો પ્રસિધ્ધ કરવા હુકમ કરેલ હતો. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૦૯/૦૬/૨૦૦૬ ના રોજ મળેલ સભાના ઠરાવ નં. ૨૯- /૨૦૦૬ અન્વયે નગર રચના યોજના, સુરત નં. ૫૦ (વેડ–કતારગામ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરેલ છે. તથા સરકારી રાજયપત્રમાં તા.૧૪/૦૬/૨૦૦૬ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરાવવામાં આવેલ છે. જેની નકલ અવલોકન અર્થે સામેલ કરેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

**બિડાણ :** ઉપર મુજબ

(જે.એમ.પટેલ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ

નકલ સવિનય રવાના : પ્રતિ, મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, બ્લોક નં. ૧૪, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર તરફે જાણ સારૂ.